ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**અખબારી યાદી** તા: ૦૯/૦૨/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

**..............................,**

ભાવનગર.

## ઊર્જા બચત અને પુન:પ્રાપ્ય ઊર્જા અંગે ચિત્ર સ્પર્ધાનું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજન.

ઊર્જાનું મુલ્ય અને તેના વપરાશમાં ઘટાડો કરવાના હેતુથી આજની નવી પેઢી વિદ્યાર્થીઓના માધ્યમથી ઊર્જા બચતનો સંદેશો પહોંચાડવાના બહુમુલ્ય હેતુને ચરિતાર્થ કરવા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત ભાવનગર જિલ્લામાં **કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર**ના માધ્યમથી **તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૬, ગુરૂવાર**ના રોજ **બપોરે ૧:૦૦ કલાકથી ૦૫:૦૦ કલાક** દરમ્યાન **ટાઉન હોલ, મોતીબાગ** ખાતે ઊર્જા બચત અને પુન:પ્રાપ્ય ઊર્જા વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન થનાર છે.

આ ઊર્જા બચત અને પુન:પ્રાપ્ય ઊર્જા અંગે ચિત્ર સ્પર્ધામાં ભાવનગર શહેર, ભાવનગર તાલુકા તેમજ ઘોઘા તાલુકાની ૭૦થી વધારે ઉચ્ચતર પ્રાથમીક શાળાઓના ધોરણ ૫, ૬, ૭ અને ૮ માંથી એક એક વિદ્યાર્થી એમ પ્રત્યેક શાળામાંથી કુલ ચાર(૪) ઊર્જા રક્ષકો (વિદ્યાર્થીઓ) પોતાના મનપસંદ કલર વડે ઊર્જા બચતના સંદેશને ચિત્ર સ્વરૂપે રજુ કરશે. કાર્યક્રમના ઉદઘાટન અને સમાપન સમારોહમાં તજજ્ઞો અને મહેમાનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરશે.

**ચિત્ર સ્પર્ધા અંગેની અગત્યની નોંધ :**

- પ્રત્યેક સ્પર્ધકને **A3** સાઈઝની ડ્રોઈંગ શીટ સ્થળ પર **લોક વિજ્ઞાન કેન્દ્ર** દ્વારા આપવામાં આવશે.
- ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- પ્રત્યેક વિભાગ (ધોરણ ૫, ૬, ૭ અને ૮) માંથી પ્રથમ,દ્વિતીય અને તૃતિય એમ કુલ ૧૨ ઈનામો આપવામાં આવશે. જેની માહિતી નીચે મુજબ રહેશે.

| ક્રમ | ધોરણ –૫ | ધોરણ –૬ | ધોરણ –૭ | ધોરણ –૮ |
|---|---|---|---|---|
| **પ્રથમ** | 5,000/- | 5,000/- | 5,000/- | 5,000/- |
| **દ્વિતીય** | 3,000/- | 3,000/- | 3,000/- | 3,000/- |
| **તૃતિય** | 1,000/- | 1,000/- | 1,000/- | 1,000/- |

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.